| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખઃ | ૦૧/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખઃ | ૦૧/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખઃ | ૧૧/૦૬/૨૦૨૬ | | |
| અવધિઃ | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

## મહેરબાન સુરતના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,સુરત

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૩૯૬૩/૨૦૨૬**

**આંક :–**

**અરજદાર :** **વિજયભાઈ ઉર્ફે વિજય મેરવાડા ઉર્ફે સંજય અમરતભાઈ રબારી**

ઉ.વ. : ૨૫, ધંધો :મજુરી,

રહેવાસી : ઘર નં.૧૦૬, લીંબોચકૃપા એપાર્ટમેન્ટ,

વાત્સલ્યવીલા રેસીડેન્સીની બાજુમાં,

છાપરાભાઠા,સુરત.

વિરુધ્ધ

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ.શ્રી કે.એચ.દૈયા**

**સામાવાળાના વિ.એ.પી.પી.શ્રી યુ.એ.પાટીલ**

<u>**બાબત :–**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૨ મુજબની આગોતરા જામીન અરજ</u>

## -: <u>ચુકાદો</u> :-

(૧) આ કામના અરજદાર સામે ઉત્રાણ પો.સ્ટે. પાર્ટ એ ગુ.રજી.નં.૧૧૨૧ ૦૦૬૫૨૬૦૪૦૯/૨૦૨૬ બી.એન.એસ.કલમ ૧૦૮,૫૪ તથા નાણા ધીરધાર અધિનિયમ-૨૦૧૧ ની કલમ ૪૦, ૪૨(એ), (ડી) મુજબનો ગુનો નોંધાયેલ હોય અને તે ગુનાના કામે પોલીસ તેઓની અટક કરે તેવી અરજદારને દહેશત હોય અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા હાલની અરજી કરેલી જેની હકીકત નીચે મુજબ છે.

(૨) અરજદાર તરફે અરજદારના વિ.વ.શ્રી કે.એચ.દૈયા નાઓને સાંભળ્યા તેઓએ તેમની દલીલોમા મુખ્યત્વે જણાવ્યુ છે કે, અરજદાર/આરોપીને ખોટી રીતે ફસાવવામાં આવેલ છે અને તેણે કહેવાતો ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી સામે બી.એન.એસ.કલમ ૧૦૮ મુજબનો કોઈ ગુનો બનતો નથી. કહેવાતો બનાવ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ બનેલ છે,જયારે તેની ફરીયાદ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ નોંધવામાં આવેલ છે. એટલે કે ફરીયાદ સાત દિવસ વિલંબ પછી આપવામાં આવેલ છે. આ કામે મરણજનારે અનેક વ્યકિતઓ સાથે નાણાકીય વ્યવહાર હોવાના કારણે અરજદાર/આરોપી નામ એફ.આઈ.આર.માં દાખલક કરવામાં આવેલ છે. એફ.આઈ.આર.મા ફકત એટલે જ જણાવ્યુ કે મરણજનાર પર અરજદાર સહીત અનેક વ્યકિતઓ દ્વારા પૈસા માટે દબાણ કરવામાં આવેલ હતુ. આ કામે સોગંદનામુ જોતા અરજદારે અન્ય આરોપી સાથે મળીને મરણજનારને માનસીક અને શારીરીક રીતે હેરાન કર્યા છે, પરંતુ હકીકતમાં મરણજનારે અન્ય આરોપીઓ પાસે પૈસા લીધા છે અને તમેની સાથે લેવડ દેવડ કરી છે, પરંતુ હાલના અરજદારને ગુનામાં ખોટી

રીતે ફસાવવામાં આવેલ છે. હાલના અરજદારે મરણજનારને હેરાન કરેલ નથી કે ત્રાસ આપ્યો નથી. અરજદારે મરણજનારને કોઈ ઉશ્કેરણી કરી નથી અને એફ.આઈ.આર.માં કોઈ રકમનો ઉલ્લેખ નથી,તેમજ અરજદારની કોઈ ભુમિકા નથી. અરજદારે મરણજનારને આત્મહત્યા કરવા માટે ઉશ્કેર્યા હોવાનો કોઈ પુરાવો નથી. અરજદાર/આરોપી જરૂર પડયે તપાસમાં સાથ સહકાર આપવા તૈયાર છે. અરજદાર સુરતના રહીશ છે, કયાય નાશી ભાગી જશે નહી,કોર્ટ જણાવશે તે તમામ શરતોનુ પાલન કરશે વિગેરે હકીકતે અરજદારની હાલની આગોતરા જામીન અરજી મંજુર કરવા રજુઆત કરી છે.

(૩) સરકાર તરફે વિ.પી.પી.પી.શ્રી યુ.એ.પાટીલ ને સાંભળ્યા. તેઓએ અરજીનો વિરોધ કરતા મુખ્યત્વે જણાવ્યુ છે કે, અરજદાર/આરોપી પાસેથી મરણજનાર નાઓએ ફેબ્રુઆરી/૨૦૨૬ માં રૂ.૧,૩૫,૦૦૦/- લીધેલા જેના અરજદાર/આરોપીએ વ્યાજ સાથે એક મહીનામાં રૂ.૧,૪૦,૦૦૦/- પરત લીધેલા હતા વિગેરે હકીકત તુષારભાઈએ જણાવેલ છે. તેમજ આ કામના અરજદાર/આરોપીએ પ્રથમથી જ ફરીયાદીના ભાઈને વ્યાજે રૂપિયા આપી પઠાણી ઉઘરાણી કરી મરણજનારને આત્મહત્યા કરવા મજબુર કરી દુષ્પ્રેરણ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તે ગુનાના ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકી આપી સુલેહ શાંતિનો ભંગ કરશે તેવી પુરી સંભાવના છે તથા ફરીયાદપક્ષને ઘણુ મોટુ નુકશાન થશે તથા ફરીયાદી સાથે તકરાર કરી તેઓની જાનમાલને ગંભીર નુકશાન પહોચાડે તેની પુરેપુરી સંભાવના છે જેથી અરજદારની પોલીસ કસ્ટડી તપાસ જરૂરી હોય જેથી અરજદારને આગોતરા જામીન પર મુકત કરી શકાય નહી વિગેરે હકીકતે અરજદારની

અરજી રદ કરવા રજુઆત કરી છે.

(૪) આ કામે બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજદાર /આરોપીની તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ તથા તપાસના કાગળો વંચાણે લીધા. ગુનાની હકીકત ધ્યાને લેવામા આવે તો અરજદાર/આરોપી પાસેથી મરણજનાર નાઓએ ફેબ્રુઆરી/૨૦૨૬ માં રૂ.૧,૩૫,૦૦૦/- લીધેલા જેના અરજદાર/આરોપીએ વ્યાજ સાથે એક મહીનામાં રૂ.૧,૪૦,૦૦૦/- પરત લીધેલા હતા વિગેરે હકીકત તુષારભાઈએ જણાવેલ છે. તેમજ આ કામના અરજદાર/આરોપીએ પ્રથમથી જ ફરીયાદીના ભાઈને વ્યાજે રૂપિયા આપી પઠાણી ઉઘરાણી કરી મરણજનારને આત્મહત્યા કરવા મજબુર કરી દુષ્પ્રેરણ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૫) સદર અરજદારે આગોતરા જામીન માટે અરજી કરેલી છે. સદર અરજદારનુ નામ વિડીયો કલીપમાં લેવામાં આવેલ છે. આ જ ગુનાના અન્ય આરોપીને જે જામીન આપેલ છે તે રેગ્યુલર જામીન આપેલ છે જેથી કરીને લો ઓફ પેરીટી આગોતરા જામીનમાં લાગુ પડશે નથી. સદર આરોપીનો રોલ જુદો છે. સદર કેસની તપાસમાં આરોપી હાજરી હોય, જયારે ગુનાની તપાસના કામે પોલીસ કસ્ટડી તપાસ જરૂરી જણાતી હોય ત્યારે આરોપીને આગોતરા જામીન આપી શકાય નહી કારણ કે નામદાર સુપ્રીમ કોર્ટના અવલોકન મુજબ આરોપીને આગોતરા જામીન અને પોલીસ કસ્ટડી બે એકસાથે હોય શકે નહી. તેમજ ગુનાની ગંભીરતા જોતા આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાતુ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો આવે તો આ કામના અરજદારની હાલની

આગોતરા જામીન અરજી મંજુર થવા પાત્ર ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના અરજદાર **વિજયભાઈ ઉર્ફે વિજય મેરવાડા ઉર્ફે સંજય અમરતભાઈ રબારી** ની હાલની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૨ મુજબની આગોતરા જામીન અરજી **નામંજુર** કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૬/૨૦૨૬ (જે.એમ.બ્રહમભટ્ટ)
સુરત. બીજા અધિક સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00622